Enrollment No: ______________________ Exam Seat No:______________________

# C. U. SHAH UNIVERSITY
## Summer Examination-2022

**Subject Name :Accounting and Finance-V**

**Subject Code : 4CO05AFI2** **Branch: B.Com (Gujarati)**

**Semester : 5** **Date : 29/04/2022** **Time : 11:00 To 02:00** **Marks : 70**

Instructions:
1. (1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
2. (2) Instructions written on main answer book are strictly to be obeyed.
3. (3) Draw neat diagrams and figures (if necessary) at right places.
4. (4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** જામીનગીરી પર વ્યાજની ગણતરી................ 1

(A)તેની દાર્શનિક કિંમત પર થાય છે (B) તેની બજારકિંમત પર થાય છે

(C) તેની ખરીદકિંમત પર થાય છે (D) તેની ચોપડે કિંમત પર થાય છે

**b)** સામાન્યરીતે કાયમી મિલકતોનો ઘસારો કઈ બાકી પર ગણાયછે? 1

(A) શરૂઆતની બાકી (B) આખરની બાકી

(C) ફક્ત વધારા પર (D) વેચેલ મિલકતની ઉપજ પર

**c)** શરૂઆતનું સ્થિતિદર્શક પત્રક શા માટે તૈયાર કરવામાં આવે છે? 1

(A)નફો-નુકસાન શોધવા (B) રોકસિલક શોધવા

(C) મિલકતો શોધવા (D) શરૂઆતની મૂડી શોધવા

**d)** આખર સ્ટૉક કે ઉધાર ખરીદી કે ઉધાર વેચાણ શોધવા ક્યું ખાતું બનાવાય છે ? 1

(A) માલ-સ્ટોક કે વેચાણ ખાતું (B) લેણી હૂંડી ખાતું

(C) નફા નુકસાન ખાતું (D) દેવી હૂંડી ખાતું

**e)** નીચેના જોડકા પૈકી કયું સેવા ઉદ્યોગનાં પડતર એકમ તરીકે સાચું નથી ? 1

(A)હોસ્પિટલ-દર્દી દિવસ, રૂમ-દિવસો (B) પેસેન્જર વાહનવ્યવહાર-પેસેન્જર કિમી

(C)હોટેલ-ગ્રાહકોની સંખ્યા (D) માલનો વાહનવ્યવહાર-ટન- કિમી

**f)** વ્યાજ-બાદ સોદામાં વ્યાજની રકમ નીચેની મુદત માટે ગણાય છે? 1

(A)હવે પછીની વ્યાજની તારીખ સુધીની મુદત માટે (B)આખા વર્ષની મુદત માટે

(C)વ્યાજની પાછલી તારીખથી સોદાની તારીખ સુધીની મુદત માટે (D)પૂરા છ માસ માટે

**g)** ઉધાર વેચાણ શોધવા ...... ખાતું અને ઉધાર ખરીદી શોધવા -------ખાતું ખોલવામાં આવે છે. 1

(A) દેવાદારોનું અને લેણદારોનું (B) લેણદારોનું અને દેવાદારોનું

(C) વેચાણ નું અને ખરીદીનું (D) ખરીદીનું અને વેચાણનું

**h)** લેણદારોને વેચાણશેરો કરી આપેલી લેણીહૂંડી નકરાય ત્યારે....... ખાતું ઉધાર થાય અને ...... ખાતું જમા થાય. 1

(A) વેચાણ નું અને ખરીદીનું (B)લેણદારોનું અને દેવાદારોનું

(C) દેવાદારોનું અને લેણદારોનું (D) ખરીદીનું અને વેચાણનું

**i)** નહિ મળેલ નફો....... માં ગણવામાં આવે છે.? 1

(A)પ્રક્રિયા ના હિસાબોમાં (B) એકમ પડતરમાં (C) સેવા પડતરમાં (D) એકનોંધી પદ્ધતિમાં

**j)** રોકાણોના હિસાબો ........ રાખે છે. 1

(A) ફક્ત દલાલો (B) ફક્ત કંપનીઓ

(C)રોકાણકાર કોઈ પણ વ્યક્તિ (D) શેરબજાર સત્તાવાળાઓ

**k)** ફેરબદલી કિંમત પર 25% નફો ચઢાવીને માલ બીજી પ્રક્રિયામાં મોકલવો એટલે........ 1

(A)પડતર પર 20% (B) પડતર પર 25%(C) પડતર પર 33 1/3%(D) પડતર પર 40%

**l)** નીચેનામાંથી કઇ બાબતનો સમાવેશ સેવા પડતરમાં થશે નહિ? 1

(A)હોસ્પિટલ (B)હોટલ (C)થિયેટર (D)પ્રકાસન સેવા

**m)** ઘાલખાધ પરત કયા ખાતે જમા કરવામાં આવે છે? 1

(A)દેવાદાર (B)લેણદાર (C)રોકડ (D)એકપણ નહિ

**n)** પહેલી પ્રક્રિયાની પડતર રૂ 2,00,000 છે, જો ફેરબદલી કિંમત પર 20% નફો ગણવાનો હોય તો નફાની રકમ જણાવો. 1

(A)2000 (B)6250 (C)5000 (D)8000

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**(A)** રોકાણોની હિસાબી માવજત (હિસાબી ધોરણ -13) પર ટૂંક નોંધ લખો. **7**

**(B)** એકનોંધી પદ્ધતિનાં લક્ષણો લખો. **7**

**Q-3** **(14)**

નીચેની માહિતી પરથી શ્રી રાજેશના ચોપડે 12% ની ભારત સરકારની લોનનું ખાતું તૈયાર કરો.

(1) તા. 1-4-20 ના રોજની શરૂઆતની બાકી :

| | રૂ |
|---|---|
| લોનની દાર્શનિક કિંમત | 2 ,00,000 |
| લોનની પડતર કિંમત | 2 ,10,000 |
| ચઢેલું વ્યાજ | 6 ,000 |

(2) વ્યાજ ચૂકવવની તારીખ : 30મી જૂન અને 31મી ડિસેમ્બર

(3) વર્ષ દરમિયાનના વ્યવહારો :

| તારીખ | દાર્શનિક કિંમત | ભાવ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| 1-5-20 | 50,000 | 96 | વ્યાજ સહિત ખરીદી |
| 1-6-20 | 20,000 | 98 | વ્યાજ બાદ ખરીદી |
| 1-8-20 | 80,000 | 103 | વ્યાજ સહિત વેચાણ |
| 1-3-21 | 1,10,000 | 104 | વ્યાજ બાદ વેચાણ |

રોકાણોની છેવટની બાકીનું મૂલ્યાંકન "ફિફો" (FIFO) પધ્ધતિ મુજબ કરવાનું છે.

**Q-4** **(14)**

એક વસ્તુનું ઉત્પાદન તૈયાર થયા બાદ તૈયાર માલના સ્ટોક ખાતે લઇ જવામાં આવે છે તે પહેલા તે બે પ્રક્રિયમાંથી પસાર થાય છે. નીચેની માહિતી માર્ચ, 2021 ના માસની છે :

| વિગત | પ્રક્રિયા – 1 | પ્રક્રિયા – 2 | તૈયાર માલ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 15,000 | 18,000 | 45,000 |
| પ્રત્યક્ષ માલસામાન | 30,000 | 31,500 | --- |
| પ્રત્યક્ષ મજૂરી | 22,400 | 22,500 | --- |
| કારખાનાના પરોક્ષ ખર્ચા | 21,000 | 9,000 | --- |
| આખર સ્ટોક | 7,400 | 9,000 | 22,500 |
| શરૂઆતના સ્ટોકમાં સમાયેલ આંતરપ્રક્રિયા નફો | ---- | 3,000 | 16,500 |
| બીજી પ્રક્રિયામાં લઇ જતા ફેરબદલી કિંમત પર નફાના % | 25% | 20% | --- |

પ્રક્રિયાનો સ્ટોક પ્રાથમિક પડતર પ્રમાણે ગણવામાં આવે છે. તૈયાર માલનો સ્ટોક પ્રક્રિયા – 2 માંથી જે કિંમતે ફેરબદલી થાય છે તે કિંમતે ગણવામાં આવે છે. આ સમય દરમિયાન વેચાણ રૂ 3,80,000 નું હતું. તૈયાર કરો અને ગણતરી કરો:

(અ) દરેક કક્ષાએ નફો દર્શાવતા પ્રક્રિયા ખાતા

**Q-5** **(14)**

શ્રી આદિત્ય પોતાના હિસાબો એકનોંધી પદ્ધતિ રાખે છે. નીચેની વિગતો પરથી 31 મી માર્ચ, **2021** ના રોજ પૂરા થતા વર્ષ માટેનુ તેમનુ નફાનુકસાન ખાતુ અને તે તારીખનું પાકુ સરવૈયુ તૈયાર કરો.

**1)** તા: 1-4-2021 ના રોજની તેમની બાકીઓ નીચે મુજબ હતી.

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| **લેણદારો** | 5, 500 | ફર્નિચર | 900 |
| દેવાદારો | 7, 000 | સ્ટોક | 4, 500 |
| લેણી હૂંડી | 1, 700 | રોકડ સિલક | 1, 200 |
| દેવી હૂંડી | 800 | | |

**2)** વર્ષ દરમિયાનના તેમના વ્યવહારો નીચે મુજબ હતા..

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| દેવી હૂંડીના ચૂકવ્યા | 3, 000 | લેણી હૂંડીના રોકડા મળ્યા | 3,000 |
| દેવાદારો પાસેથી મળ્યા | 36, 000 | લેણદારોને | 24,000 |
| વટાવ આપ્યો | 1, 500 | વટાવ મળ્યો | 600 |
| પરચૂરણ ખર્ચ | 8, 800 | ઘાલ ખાદ્ય | 500 |
| ફર્નિચરની ખરીદી (તા : **1-10-21)** | 600 | ખરીદ પરત્ત | 400 |
| ઉપાડ | 2000 | વેચાણ પરત | 800 |

**3)** તા: 31-3-2022ના રોજની તેમની બાકીઓ નીચે પ્રમાણે હતી.

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| દેવાદારો | 9, 000 | દેવી હૂંડી | 2, 900 |
| લેણદારો | 3, 600 | રોકડ સિલક | 1, 800 |
| લેણી હૂંડી | 1, 400 | આખર સ્ટોક | 6, 000 |

હવાલા **:**

**1)** મૂડી પર વાર્ષિક 10% લેખે વ્યાજ ગણો. **2)**દેવાદારો પર ઘાલખાધ અનામત 5% રાખો.

ફર્નિચર પર વાર્ષિક 10% લેખે ઘાસારો ગણો.

**Q-6** **Attempt all questions** **(14)**

(A) એકનોંધી અને દ્વિનોંધી પધ્ધતિનો તફાવત આપો. **7**

(B) વિવિધ સેવાઓ સમજાવો. **7**

**Q-7** **Attempt all questions** **(14)**

**(A)** સમજાવો: આંતર પ્રક્રિયા નફો **7**

**(B)** સ્ટૉકમા નહી મળેલ નફો પર ટૂંક નોંધ લખો. **7**

**Q-8** **Attempt all questions** **(14)**

**(A)** વ્યાજ રહિત વ્યવહારો ઉદાહરણ આપી સમજાવો. **7**

**(B)** હોસ્પિટલની પડતર ગણવાનું નમુનાનું પડતર પત્રક કાલ્પનિક આંકડાઓ આપી સમજાવો. **7**